# શ્રેયમાર્ગી શ્રાવિકા યાને આદર્શ આરાધિકા-સુલસા

☐ લેખક: શ્રી પુનમચંદ નાગરદાસ દોશી [ ડીસા-બનાસકાંઠા ]

[સાંપ્રત સમાજમાં મોટા ભાગના શબ્દો તેનો અર્થ ખોઈ બેઠા છે. આનાં કરતાં પણ, આ વિષયમાં નગ્ન સત્ય ન કહેવું હોય તો પણ આ સ્પષ્ટોકિત તો અનિવાર્ય જ છે કે, મોટા ભાગના શબ્દોનો ઉપયોગ તેના સાચા પરિપ્રેક્ષ્યમાં (in proper perspective) થતો નથી. આ કારણથી જ આજે શબ્દોનો જે ખોટા પરિપ્રેક્ષ્યમાં ઉપયોગ કરાય છે તેના કારણે માનવ–મનની અભિવ્યકિતનું આ માધ્યમ (medium) કલુષિત બન્યું છે. આ કલુષિતતાના કારણે સમાજના આચરણમાં પણ કલુષિતતા અને વિસંવાદિતા વ્યાપ્ત બની ગઈ છે. આનાં ઉદાહરણો શોધવા જવાં પડે તેમ નથી. આવું એક ઉદાહરણ છે–શ્રદ્ધા શબ્દનો ઉપયોગ. શબ્દકોષમાં શ્રદ્ધા શબ્દનો અર્થ શું થાય છે તેની ચર્ચા અહીં અસ્થાને છે. સાધક આત્મા માટે શ્રદ્ધા શબ્દની સમુચિત પરિપ્રેક્ષ્યમાં સાચી અભિવ્યકિત તો એક જ હોઈ શકે. આ અભિવ્યકિત છે: "શ્રદ્ધા એટલે સમજપૂર્વકનો શ્રેયમાર્ગી વિશ્વાસ". જે વિશ્વાસમાં સમજણ અને શ્રેય નિહિત નથી તે વિશ્વાસને શ્રદ્ધા કહી શકાય નહી.

સાંપ્રત સમાજમાં અને તેમાં પણ 'શ્રી સંઘ'માં સમ્યક્ શબ્દનો ઉપયોગ તેના વાસ્તવિક પરિપ્રેક્ષ્યમાં થતો નથી. જેના કારણે સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર્યનો આચરણામાર્ગ આવરિત-ધૂમિલ બન્યો છે. આ આવરણથી આવેલી ધૂમિલતાના કારણે આજના વૈયકિતક કે ચોક્કસ વર્ગના આગ્રહો જ આચારધર્મની આધારશીલા બની ગયા છે. આગ્રહબદ્ધતાથી 'અભિનિવેશ' આવે છે એ સર્વજ્ઞ-કથિત સનાતન સત્ય છે. શ્રાવિકા સુલસાનું શ્રી ચતુર્વિધ સંઘમાં જે વિશિષ્ટ સ્થાન છે તે એની શ્રેયકારક સમ્યક્ શ્રદ્ધાના કારણે છે. સમ્યક્ શ્રદ્ધાની તેની સાચી સમજના કારણે સર્વજ્ઞ એવા ભ. મહાવીરે પણ તેને "ધર્મલાભ" પાઠવ્યો કે જે સામાન્ય રીતે અપ્રત્યાશીત ઘટના છે.

આ અપ્રત્યાશીત ઘટના અનન્ય છે. કારણ કે સર્વજ્ઞ શ્રમણ મહાવીર દેવે, શ્રાવિકા સુલસાને 'ધર્મલાભ' પાઠવવાના માધ્યમથી સમ્યક્-શ્રદ્ધાવાન વ્યકિતનું શ્રી સંઘમાં શું સ્થાન છે તેનો વ્યવહારીક નિર્દેશ જ નથી કર્યો પરંતુ શ્રી સંઘમાં શ્રદ્ધાવાન વ્યકિતઓના સ્થાનની સ્વયં પ્રતિષ્ઠા કરી છે.

આ સાથે એ હકીકત પણ એટલી જ મહત્ત્વની છે કે, શ્રાવિકા સુલસાએ પોતાના ઉચિત આચરણ દ્વારા શ્રદ્ધાવાન વ્યકિતઓ, શ્રદ્ધાને આચરણના માધ્યમથી જ અભિવ્યકિત આપે છે એ સત્યની સાબિતી કરાવી આપી છે. શ્રદ્ધા શુષ્ક ન હોઈ શકે. શ્રદ્ધા સક્રિય જ હોય. સક્રિયતા અને શ્રદ્ધા એક જ સિક્કાની બે બાજુઓ છે.

સાંપ્રત સમાજમાં આવી શ્રેયકારક શ્રદ્ધા સાકાર થાય એ હેતુથી શ્રાવિકા સુલસાના આરાધકભાવોનું આલેખન કરી ભાઈ શ્રી દોશીએ આરાધક ભાવની ઉપાદેયતાને ઉજાગર કરી છે.

સંપાદક]

"નગરજનો! સાંભળજો, આજે સાક્ષાત્ બ્રહ્માજી સપરિવાર ઉદ્યાનમાં પધાર્યા છે. દર્શનાભિલાષીઓ આ અમૂલ્ય અવસરનો અવશ્ય લાભ લે." રાજગૃહી નગરીના મહોલ્લે, મહોલ્લે ઢોલ પીટીને ઢોલી નગરજનોને આ સંદેશ સંભળાવી રહ્યો હતો.

સંશયના પડઘા પાડતો માનવમહેરામણ ઊભરાયો. શું બ્રહ્માનું રૂપ! આડંબરપૂર્વક બિરાજેલા બ્રહ્માનું ઐશ્વર્ય અને ઓજસ જોઈ જનગણ અંજાઈ ગયો. આખું નગર હર્ષ-હિલોળે ચઢ્યું. ચૌરે ને ચૌટે એક જ ચર્ચા થતી દેખાઈ. ભ્રમણામાં રાચતો જનસમાજ "ઈશ્વર-દર્શન"થી કૃતાર્થ થયો! છતાં એક ન ગઈ સતી શ્રાવિકા સુલસા !!!.

શું સુલસા ક્ષુબ્ધ હતી? શું સુલસાના હૈયામાં સ્ત્રી-સહજ કુતુહલવૃત્તિ પણ ન હતી?

ના, ના, સુલસા સર્વજ્ઞપ્રણિત સમ્યક્ શ્રદ્ધાની ધારક, "નારી તું નારાયણી"ના ભાવને જાગૃત કરનાર આદર્શ નારી હતી. અરિહંત પરમાત્મા ભ. મહાવીરના સાધના માર્ગની ઉપાસિકા હતી. નારી–સહજ કોમળતા અને વાત્સલ્યની મૂર્તિ હતી. રાજગૃહીના પ્રમુખ નાગરિક શ્રેષ્ઠી નાગસારથીની જીવનસંગીની હતી. શ્રદ્ધાના સહારે એણે સર્વજ્ઞકથિત સત્ય તત્ત્વો અને દર્શનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. સત્યના સ્વાનુભવથી સુલસામાં એ તથ્ય તદાકાર થઈ ગયું હતું કે, પ્રત્યેક આત્મા જ્યારે કર્મ-મળથી શુદ્ધ થઈ સ્વ-સ્વરૂપ-સ્થિતિ પ્રાપ્ત કરે છે ત્યારે સ્વયં પરમાત્મસ્વરૂપ બની જાય છે. આવું પરમાત્મસ્વરૂપ પરાશ્રયી નથી હોતું. પરંતુ સ્વ-પુરૂષાર્થથી પ્રાપ્ત થતું સ્વત્વનું શુદ્ધ સ્વાશ્રયી સ્વરૂપ છે. આવી પરિણતીવાળો આત્મા અરિહંત કે સર્વજ્ઞ ભગવંતનું શરણ સ્વીકારે એ નિર્વિવાદ સત્ય છે. આવી શરણાગતીમાં આત્માના સ્વત્વ કે સત્વનું સમાપન નથી હોતું. આ કારણથી આવી શરણાગતી ત્યારે જ સંપૂર્ણ બને છે કે જ્યારે પોતાના આત્મામાં નિહિત સ્વત્વ અને કર્મનિર્જરા માટે આવશ્યક એવું આત્મિક, સત્ત્વ, આત્માના આંતરિક ગુણ-અનંતવીર્યથી ઓજસવાન બની સ્વયં પ્રકાશીત બને છે.

આવી નિષ્ઠા જ્યારે પ્રત્યક્ષ અનુભવનો વિષય બને ત્યારે જ માનવું કે સર્વજ્ઞકથિત સત્યદર્શન અને સત્યધર્મની શાશ્વત સ્વરૂપે અર્થાત્ ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ થઈ છે.

આવા ક્ષાયિક સમકિતનો સ્વામી હોય એ આત્માની અદ્વિતીયતા એ હોય છે, કે અરિહંત પદને પામેલ કોઈ વ્યકિત કે આત્માનો તે વ્યકિતરાગી નથી હોતો. પરંતુ અરિહંતપદ પ્રાપ્ત કરેલ આત્મા વ્યવહાર નયને આશ્રયીને જે નામથી ઓળખતો હોય છે તે નામથી પણ ક્ષાયિક સમકિતનો સ્વામી અરિહંતાશ્રિત આત્માના શુદ્ધ સ્વરૂપનો જ પૂજક હોય છે નહીં કે કોઈ નામથી ઓળખાતા દેહધારી આત્માના કર્માશ્રયી દેહનો.

સુલસામાં આ સત્ય તદાકાર હતું તેથી જ બ્રહ્માનું બ્રહ્મ-સ્વરૂપ કે લોકોનો તેના પ્રતિનો અહોભાવ સુલસાના આત્મપ્રદેશને સ્પર્શી શકયો નહીં. આત્માની આંતરિક શકિતઓ પ્રતિ શ્રદ્ધાવાન આત્મા બાહ્ય ચમત્કારો કે ક્ષણિક સુખ કે આનંદનો આકાંક્ષી ન હોય. એ તો હોય શાશ્વત સુખ અને આનંદનો ઉપાસક.

આવી આત્મપ્રતિતિયુકત નિશ્ચલ સમ્યક્ શ્રદ્ધામાંથી જન્મેલી આસ્થાનો આજના સમાજને પ્રત્યક્ષ અનુભવ થઈ શકે તેવું વાતાવરણ અને ઉજજવળ પરંપરાનું પુનરૂત્થાન કરવાનું શ્રેય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો કોઈ પણ સાધક આત્માને ફાળે જવું હોય તો એવા શ્રેયનાં સાધક હતાં સ્વ. પૂજ્યપાદ શ્રી રાજેન્દ્ર સૂ. મ. આ મહાપુરૂષે ભગવાનના શાસનના સાધના માર્ગમાં સમકિત દષ્ટિ, દેશવિરતી અને સર્વવિરતીના ધારક આત્માઓની ગુણવત્તાની અવસ્થાના કારણે પ્રાપ્ત થતાં સ્થાનની ભૂંસાતી જતી મર્યાદારેખાઓને સજીવ કરી. તેઓશ્રીએ આ મર્યાદારેખાઓ સજીવ કરી એટલું જ નહીં પણ પ્રત્યેક આત્માના સ્વ-પુરૂષાર્થ દ્વારા પ્રાપ્ત થતાં સ્થાનોની પુન: પ્રતિષ્ઠા કરનારી પરંપરાને પ્રાણવાન બનાવી.

આવી પાવન પરંપરાના સંવાહક પ્રણેતા ભ. મહાવીરના સંદેશ અને સુલસાના આત્મામાં સાકાર થયેલી સમ્યક્ શ્રદ્ધાની કસોટી કરનાર અંબડે કેવી કેવી ઐન્દ્રજાળીક છલનાઓ કરી તે જોઈએ. સાથે સાથે આવી કસોટીઓનું કારણ – નિમિત્ત બનનાર ભ. મહાવીરનો સંદેશો કેવો હતો તે જોઈએ.

એ સમયે શ્રામણ ભગવાન મહાવીર ચંપાપુરીમાં સમોસર્યા હતાં. સમતાની સૂરીલી બંસરીના નાદે અનેક આત્માઓ આત્મ-સાધનાના માર્ગે વિચરવા કટીબદ્ધ બનતા હતાં.

પરિવ્રાજક અંબડ પણ આત્માના અંતરંગ સ્વરૂપનો આવિષ્કાર કરનાર અરિહંત પરમાત્મા ભ. મહાવીરનો આરાધક અને ઉપાસક બન્યો હતો. ભગવાનની દેશના સાંભળી અંબડ રાજગૃહી નગરી તરફ આવતો હતો ત્યારે અંબડના આત્માને સમ્યક્ શ્રદ્ધાની પ્રતિતિ કરાવવાનો અવસર જાણી શ્રામણ મહાવીરે તેની સાથે શ્રાવિકા સુલસાને 'ધર્મલાભ'નો સંદેશ પાઠવ્યો.

આત્માશ્રયી એવા અરિહંત મહાવીર પણ જે શ્રાવિકાને 'ધર્મલાભ' પાઠવે તે શ્રાવિકા સુલસાની ધર્મભાવના કેવી ઉત્તમ હશે? આવી ઉત્તમ ધર્મભાવનાની અગ્નિપરીક્ષા કરવાના અંબડને કોડ જાગ્યા.

પરિવ્રાજક અવસ્થામાં અબંડે અનેક પ્રકારની ઈહલૌકિક ચમત્કાર સર્જી શકે તેવી સાધનાઓ સિદ્ધ કરી હતી. આ સાધનાના બળે તેણે રાજગૃહીના પૂર્વ દિશાના દરવાજે બ્રહ્માનું સ્વરૂપ સર્જ્યું. ઈહલૌકિક ચમત્કારોમાં પોતાના પુરૂષાર્થની ઈતિશ્રી માનનારો જનસમૂહ બ્રહ્માના રૂપમાં રહેલ અંબડને નમસ્કાર કરવા લાગ્યો.

બીજા દિવસે દક્ષિણ દિશાના દરવાજા બહાર 'ચક્રધારી વિષ્ણુ'નું રૂપ વિકુર્વી અંબડે જનતાને આકર્ષી. ત્રીજા દિવસે રાજગૃહીની પ્રજાના ભાગ્ય ઊઘડી ગયા. જટાધારી શંકર નગાધિરાજ-હિમાલયથી સ્વયં સાક્ષાત્ આવ્યા. નગરજનો મોટી સંખ્યામાં પહોંચ્યા ત્યાં પણ, એક ન આવી સુલસા.

ત્રણ, ત્રણ દિવસથી રાજગૃહીની પ્રજા ઈશ્વરના 'પ્રત્યક્ષ સાક્ષાત્કારો'થી ગાંડી ઘેલી અને ભાવવિભાર બની ગઈ. આમ છતાં અંબડની આકાંક્ષા કે આશંકાની પૂર્તિ કે નિવારણ ન થયું. થોકે થોક ઊમટતી આનંદઘેલી પ્રજામાં અંબડને સુલસા શોધી છતાં, જડી નહીં.

અંબડની આશંકાની અગ્નિનો પરિતાપ તેને પોતાને પ્રજ્વળાવવા લાગ્યો. આશંકામાંથી જન્મેલી અગ્નિપરીક્ષાની અંબડની ભાવના તેના ચરમ શીખરે પહોંચી. તેણે પ્રિય થાય એવા પ્રશ્રય-દંભનો આરંભ કરવાનો નિશ્ચય કર્યો.

ચોથે દિવસે અંબડે પોતાની ઈન્દ્રજાળથી ભ. ૨૫મા તીર્થંકર સમવસરણમાં બિરાજી દેશના આપતા હોય તેવો આભાસ પેદા કર્યો. અરિહંતનું સ્વરૂપ કોઈ વિકુર્વી શકે નહીં-એ સ્વરૂપ તો આત્મ-શક્તિના આવિષ્કારથી જ પ્રાપ્ત થાય એ સત્ય પણ, રાજગૃહીની જનતા ભૂલી ગઈ. અંબડે ઊભા કરેલા આભાસમાં પ્રજા અંજાઈ ગઈ. નિરાશ થયેલા અંબડના દિલમાં આશાનો ઉદય થયો કે આજે તો સુલસા જરૂર આવશે. તીર્થંકરનું નામ સાંભળી સુલસા દોડી આવશે. પણ આવું કાંઈ જ ન બન્યું. અંબડે આખો દિવસ રાહ જોઈ છતાં સુલસા આવી નહીં.

જે આત્મામાં સાચી શ્રદ્ધા આવી હોય, સત્યની પ્રતીતિ થઈ હોય તે આત્મા દંભ, ચમત્કાર કે છલનાનો શિકાર થતો નથી. અસત્ય, અર્ધસત્ય કે મિશ્રસત્ય આવા આત્માની હૃત્‌તંત્રીના તારોને ઝણઝણાવવામાં અસમર્થ નીવડે છે. શુદ્ધ સુવર્ણના સ્વામીને ભલે કરોડો આદમી એમ કહે કે આ કથીર છે છતાં જેવી રીતે એ સુવર્ણનો ત્યાગ કરતો નથી કે કથીર માની ફેંકી દેતો નથી. તેવી રીતે જેને સત્યની પ્રાપ્તિ થઈ છે તે અસત્યનો આશ્રય તો ઠીક પણ એનો ઓછાયો પણ લેતો નથી.

થાકેલો એવો અંબડ છેવટે થાકીને પોતે જાતે સુલસાને ઘેર ગયો અને ભ. મહાવીરનો 'ધર્મલાભનો સંદેશો' સુલસાને આપ્યો.

શ્રામણ ભ. મહાવીરનો સંદેશ સાંભળતા જ સુલસાનો આત્મા આનંદવિભોર બની ગયો. સંદેશમાં હતો 'ધર્મલાભ' જ પણ સુલસા ગાંડીઘેલી બની ગઈ. સમ્યક્દર્શન, સમ્યક્ જ્ઞાન કે સમ્યક્ ચારિત્ર્ય પ્રતિની અર્થાત્ સત્ય દર્શન, સત્ય જ્ઞાન અને સત્યાચારણ કરનાર વ્યકિતને જ્યારે સત્યને સર્વાંગી સ્વરૂપે પ્રકાશીત કરનાર સર્વજ્ઞનો સામાન્ય એવો સંદેશો પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે મળે છે ત્યારે તેના આત્માનો એક એક અણુ પ્રફુલ્લિત થઈ જાય છે. આ છે સત્ય સાથેનું આત્માનું સંધાન.

"અંબડ! શું મારા નાથે મને યાદ કરી ?" સુલસાએ પૂછ્યું. એના અવાજમાં આત્મિકમિલનના આનંદની આકાંક્ષાની આતુરતા હતી.

અંબડ અચંબામાં પડી ગયો. એની ઐન્દ્રજાળીક માયાથી જ્યારે રાજગૃહીની પ્રજા ઘેલી બની ત્યારે જે સુલસાનું એક રુંવાડું પણ ફરક્યું ન હતું તે સુલસા શ્રામણ મહાવીરનો સંદેશો - માત્ર એક શબ્દનો સંદેશ સાંભળી ગાંડીઘેલી બની ગઈ.

"સુલસા! ભગવાન તો ચંપાપુરીમાં બિરાજમાન છે. પ્રભુ મહાવીર ત્યાં ઉપકારક દેશના દ્વારા અનેક જીવોના આત્મકલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યા છે. સતી સુલસા! મારી એક શંકાનું નિવારણ કરો. આ નગરીમાં બ્રહ્મા, વિષ્ણુ મહેશ સાક્ષાત્ આવ્યા. રાજગૃહીની સમગ્ર જનતા દર્શનાર્થે ઉમટી પણ તમે એક જ ન આવ્યાં આનું કારણ શું ?

"અંબડ! આત્માના સ્વ-સ્વરૂપ પ્રતિ પ્રીતિ ઉત્પન્ન થતા તેના નિજાનંદની મસ્તીમાં મહાલતા આત્મામાં અસત્ અને અશાશ્વત તત્ત્વો કે દ્રવ્યો પ્રતિની આસકિતઓ વિલય પામે છે. આવી આસકિતઓના વિલય થતાં દેહાત્મભિન્ન–ભાવની પ્રતીતિ થાય છે. આ પ્રતીતિમાંથી જન્મતી પરિણતીના પ્રતાપે જડ પદાર્થો તથા પુદ્ગલ પ્રતિની સરાગદશાના સ્થાને વિરકતી અથવા સાક્ષી-ભાવનો સાક્ષાત્કાર થાય છે. આ સાક્ષાત્કાર સર્વજ્ઞ પ્રરૂપિત સત્યદર્શનના આધારે આવતી અધ્યવસાય શુદ્ધિથી થાય છે. આવી અધ્ય-વસાયશુદ્ધિવાળો આત્મા ઈહલૌકિક કે અશાશ્વત શકિતઓ કે ચમત્કારોમાં આસ્થા કે કુતૂહલવૃત્તિ નથી રાખતો. આવો આત્મા પુદ્ગલાનંદી ન હોય, પણ સ્વ-સ્વરૂપના શાશ્વત આનંદમાં જ એનું રમણ હોય" સુલસાએ જવાબ આપ્યો.

"માની લઉં છું, કે સ્વ-સ્વરૂપના નિજાનંદની મસ્તીમાં તમે મસ્ત છો પણ આવી મસ્તીના માર્ગદર્શક એવા ૨૫મા તીર્થંકર સાક્ષાત્ આ નગરીમાં સમવસર્યા છતાં તમે ન આવ્યાં. શું આ તમારી ભૂલ નથી ?" અરિહંત કે અરિહંતની આજ્ઞાની પ્રત્યક્ષ કે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરોક્ષરૂપે કરવામાં આવતી અવજ્ઞા એમની આશાતના જ લેખાય એ સત્યનો નિર્દેશ કરતાં અંબડે સુલસાને ફરી પ્રશ્ન કર્યો.

"સમ્યક્ શ્રદ્ધા એટલે સર્વજ્ઞ પ્રરૂપિત શાસન અને સત્ય સાથેનું આત્મસંધાન. આવા આત્મસંધાનથી પ્રત્યેક આત્મામાં એક એવી બુદ્ધિ અને શકિતનો ઉદય થાય છે કે જે બુદ્ધિ સત્યા-સત્યનો સહજભાવે વિવેકપૂર્ણ નિર્ણય કરી શકે છે. આ નિર્ણયને તે પોતાની આ શકિતના સામર્થ્યથી સ્વાભાવિક વ્યવહારમાં, આચરણના રૂપમાં પણ તેનું પરાવર્તન કરી શકે છે.

આથી જ જ્યારે મેં સાંભળ્યું કે ૨૫મા તીર્થંકર નગર બહાર સમવસર્યા છે ત્યારે તેમાં રહેલા અસત્યના કારણે મારા આત્મપ્રદેશો રોમાંચિત થયાં નહીં. સત્યની સમુપસ્થિતિનો સમય આવે ત્યારે સત્યને સમર્પિત થયેલાઓને કોઈ સાદ કે આવાજની જરૂર નથી હોતી. સત્યની સમુપસ્થિતિથી તેઓ સ્વયં આવી પહોંચે છે. અસત્ય તેમને આકર્ષી શકતું નથી. એ ભૂલો નહીં અંબડ!

વળી, આ અવસર્પીણીમાં ભ. મહાવીર એ ચરમ તીર્થંકર છે એવા સર્વજ્ઞના કથનને શું તમે સાવ વિસરી ગયા? પરપદાર્થમાં પ્રિતીવાળો આત્મા પ્રમાદી હોય પણ આત્મસ્વરૂપાકાંક્ષી આત્મા તો અપ્રમત્તભાવે જ આત્માની આલબેલ પુકારતો ને અજ્ઞાનને પડકારતો અડીખમ ઊભો હોય એ કેમ ભૂલો છો?" સુલસાએ પોતે સ્વયં કેમ ત્યાં ગઈ નહીં તેનું કારણ કહેતાં કહેતાં પણ સ્વના અહમ્‌નું વિલોપન અને સમકિત દૃષ્ટિ આત્માઓમાં રહેનારી સત્યનિષ્ઠાનો સમાદર કરી પોતાના સંસારનું આંશિક વિસર્જન કર્યું.

આ કથન દ્વારા સતી સુલસાએ પોતાના સંસારનું આંશિક વિસર્જન કર્યું એ હકીકત પ્રતિ અહીં અંગુલી નિર્દેશ એ માટે કર્યો છે કે, સાંપ્રત સમાજમાં, સતી સુલસાના જીવનમાં બનેલ આ સત્ય ઘટનાના આ શ્રેયકારક પાસાની અભિવ્યકિત આજે અવ્યકત બનતી જાય છે.

અવ્યકત બનતી આ અભિવ્યકિત એ છે કે, ભગવાનના શાસન પ્રતિની અવિહડ શ્રદ્ધાની સ્પષ્ટ અભિવ્યકિત ત્યારે જ શકય બને છે કે જ્યારે કોઈ પણ આત્મામાં પોતાનામાં રહેલી આચરણની અશકિતઓ અર્થાત પોતાનામાં રહેલા અચારિત્રીપણા પ્રતિ અભાવ પેદા થાય છે. આ 'અભાવ' જ આવા આત્મામાં ચારિત્ર્યની પ્રવૃત્તિનો સંચાર કરાવનાર બને છે.

કર્મજન્ય કુતૂહલવૃત્તિ એવી તો વિચિત્ર હોય છે કે, સત્ય સ્પષ્ટરૂપે જાણવા મળે છતાં પણ એને ઊલટાવીને કે અન્ય કોઈ પણ રીતે નાણી જોવાની અનધિકાર ચેષ્ટા કર્યા સિવાય માનવીની વૃત્તિ **શમન** પામતી નથી!!

અંબડે વળી પાછું સુલસાને પૂછ્યું કે "એ વાતનો સ્વીકાર કરું છું કે ૨૫મા તીર્થંકરના આગમનથી તમને આત્મોલ્લાસ ન થયો પણ શું તમે એ પણ વિચાર ન કર્યો કે, ધર્મ-પ્રભાવનાનું કારણ-નિમિત્ત બને તેવા કોઈ પણ પ્રસંગમાં તમારે હાજર રહેવું જોઈએ-સમ્મિલીત થવું જોઈએ?"

"ધર્મનો વાસ કોઈ વ્યકિત કે સ્થાનવિશેષમાં નથી પણ અધ્યાવસાય શુદ્ધિમાં અને તદ્‌નુસારની પ્રવૃત્તિમાં જ છે. આવી શુદ્ધિ હોય ત્યાં પરિણતી વગરની પ્રવૃત્તિ કયાં તો અભિનય વૃત્તિમાંથી પેદા થયેલી નાટકીયા પ્રવૃત્તિ હોય છે અથવા કર્મજન્ય વિકૃતિઓમાંથી પેદા થયેલા પ્રપંચનો જ એક પ્રકાર હોય છે. આવી પરિણતીહીન પ્રવૃત્તિ કે પ્રપંચના માધ્યમથી ધર્મપ્રભાવના થઈ શકે નહીં કે પરિણતી આવી શકે નહીં. ધર્માનુકુલ પ્રવૃત્તિ પરિણામ વિશુદ્ધિના પાયા પર જ કરી શકાય.

બાલજીવોને સમ્યક્ માર્ગની પ્રાપ્તિ થાય તેવા અનેક ઉપાયો શાસ્ત્રકારોએ બતાવ્યા છે. આવા ઉપાયોની અભિવ્યકિત આકર્ષક બને તેના માર્ગો કે પ્રકારો પણ સર્વજ્ઞ ભગવંતોએ વર્ણવ્યા છે. આવા માર્ગો કે પ્રકારો વર્ણવતાં, આ ઉપકારી લોકોત્તાર પરમ પુરુષોએ સર્વપ્રથમ એ સ્પષ્ટતા કરી છે કે આવી અભિવ્યકિતની આકર્ષકતા અધ્યવસાય શુદ્ધિ અને સાધનશુદ્ધિના વિવેકથી યુકત હોવી અનિવાર્ય છે, અન્યથા એવી પ્રવૃત્તિ કે અભિવ્યકિત અનર્થદંડની અભિવ્યકિત બને છે.

અશુદ્ધ સાધનોનાં માધ્યમથી કરવામાં આવેલી કોઈ પણ પ્રવૃત્તિ કે પ્રરૂપણા શુદ્ધતા-સાધક બની શકે નહીં. અશુદ્ધ આલંબન કે માધ્યમથી પણ શુદ્ધ તત્ત્વ કે સત્ય સમીપ પહોંચી શકાય છે, પ્રાપ્ત કરી શકાય છે એવી વાત કે માન્યતા અભિનિવેશમથાંથી ઉત્પન્ન થયેલી આત્મવંચક ભ્રમણા છે.

આત્મકલ્યાણની ભાવના આવતાં જ બાલજીવનું બાલપણું બાહ્ય અજ્ઞાન નાશ પામે છે અથવા નહીંવત્ બને છે. આત્મકલ્યાણનો ઈચ્છુક અશુદ્ધ કે અનધિકારી માધ્યમનો ઉપયોગ કરે જ નહી. સુલસાએ સમ્યક્ શ્રદ્ધામાંથી સાકાર થયેલી સાધ્ય અને સાધનશુદ્ધિની પ્રતીતિ પ્રગટ કરી.

સુલસાની આ પાવન પ્રતીતિમાંથી ઉત્પન્ન થયેલા પ્રકાશ-પૂંજના તેજથી અંબડના આત્મામાં રહેલ આશંકાનો અંધકાર દૂર થયો. આ અંધકાર દૂર થતાં જ અંબડને આત્મભાન થયું—પશ્ચાત્તાપ થયો કે "મેં અશુદ્ધ સાધનો દ્વારા ઈન્દ્રજાળથી આડંબરયુકત પ્રવૃત્તિ કરી પાપનો બંધ કર્યો છે." પાપના આ બંધનો છેદવા માટે અંબડે અહમ્‌નો ત્યાગ કરી સુલસા પાસે પોતાની અસત્ પ્રવૃત્તિનો એકરાર કરી મિથ્યા-માર્ગગમન બદલ મિચ્છામિ દુક્કડમ્ દઈ કરેલા પાપની ગર્હા કરી. પોતાની શ્રદ્ધાને શુદ્ધ કરી આત્મ-કલ્યાણકારી આચરણા માર્ગનું અનુસરણ કર્યું.

સમ્યક્ દર્શનમાંથી જન્મેલી સમ્યક્ શ્રદ્ધાના માધ્યમથી સમ્યક્ જ્ઞાનની અભિવ્યકિત તથા સમ્યક્ આચારના પાલનથી શ્રાવિકા સુલસાએ સર્વજ્ઞ એવા મહાવીરદેવની આજ્ઞાના પાલન અને આસ્થાથી આત્મામાં પ્રગટતી પારદર્શી તત્ત્વશોધક દષ્ટિ અને પરિણતીનું પ્રત્યક્ષ પ્રમાણ પૂરું પાડયું.

આવી પારદર્શીતા જ આત્માને સંસાર પારગામી બનાવે અને પાપપ્રનાશક બને તથા પુન્યપ્રવૃત્તિમાંથી વિરકિતની ભાવનાથી વીતરાગતા અપાવે.

શ્રાવિકા સુલસાના આત્મામાં રહેલી આવી સત્યનિષ્ઠાને સાંપ્રત સમયના શ્રીસંઘમાં—સમગ્ર માનવ સમાજમાં સાક્ષાત્ કરવાનો પુરુષાર્થ કરવાની આજના સમયમાં અનિવાર્ય આવશ્યકતા.

આ અવશ્યકતાની પૂર્તિ અરિહંતના શાસનની વિશુદ્ધ આરાધનામાં જ નિહીત છે. આ આત્યંતિક સત્યમાં સમાજને પથ-પ્રદર્શન કરવાની ક્ષમતા શાશ્વત સ્વરૂપે રહેલી છે, એ એક શ્રેયકારી વાસ્તવિકતા છે. કોઈ પણ વાસ્તવિકતાને વિસારવાથી વિભાવિકતા અને વિકૃતિ આવે છે.

☆ ☆ ☆